# શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા
## સ્મારક



Kranti Teerth
Shree Shyamji Krishna Varma
Memorial
Mandvi, Kachchh



## પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા

(૪/૧૦/૧૮૫૭ – ૩૦/૩/૧૯૩૦)

શ્યામજી કૃષ્ણ વર્મા મહાન રાષ્ટ્રવાદી દેશભક્ત અને ક્રાંતિકારી નેતા હતા, જેમણે અંગ્રેજોને તેમનીજ ભૂમી ઉપર લડત આપી હતી. ઓક્સફર્ડ યુનીવર્સિટીની બેલિયલ કોલેજમાંથી સ્નાતક થયેલા શ્યામજી, ભારતના પ્રથમ બાર-એટ-લૉ હતા. સંસ્કૃત ભાષાના પ્રખરવિદ્વાન એવા શ્યામજીને 'પંડિત'ની ઉપાધિથી નવાજવામાં આવેલા. શ્યામજી, સ્વામી દયાનંદ સરસ્વતીના પ્રબળ પ્રભાવ હેઠળ હતા અને મુંબઈ આર્ય સમાજના પ્રથમ પ્રમુખ બન્યા હતા.

૧૮ ફેબ્રુઆરી, ૧૯૦૫ના દિવસે શ્યામજી એ ઇન્ડિયન હોમ રૂલ સોસાયટીની સ્થાપના કરી. તેમણે ૬૫, ક્રોમવેલ એવન્યુ, હાઇગેટ – લંડન ખાતે 'ઇન્ડિયા હાઉસ'ની સ્થાપના કરી જે ભારતીય વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલ હતી.

બ્રિટનમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓમાં જેઓ ક્રાંતિકારી રાષ્ટ્રવાદીઓ હતા તેમને માટે ઇન્ડિયા હાઉસ મળવા માટેનું અને ભારતીય ક્રાંતિકારી રાષ્ટ્રવાદ માટેનું ભારત બહારનું સૌથી મહત્વનું કેન્દ્ર બન્યું. આ કેન્દ્રમાં આવતા ઘણા જાણીતાં ભારતીય રાષ્ટ્રવાદીઓમાં વી.ડી.સાવરકર, માદામ કામા અને સરદારસિંહ રાણા પણ હતા. આવી રાજકીય પ્રવૃત્તિઓને લીધે શ્યામજીને ઇંગ્લેન્ડ છોડવાની ફરજ પડી હતી. પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખવા શ્યામજી ૧૯૦૭માં પેરીસ પહોંચ્યા. પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધને લીધે તેમને અંતે સ્વીટ્ઝરલેન્ડ જવું પડ્યું.

૩૦મી માર્ચ, ૧૯૩૦ના રોજ જિનિવામાં તેમનું અવસાન થયું. શ્યામજીએ સ્થાનિક સરકાર અને સેન્ટ જ્યોર્જ સ્મશાનગૃહ સાથે અગાઉથી તેમના તથા તેમની પત્નીના અસ્થિ ૧૦૦ વર્ષ સુધી સાચવી રાખવાની વ્યવસ્થા કરી હતી જેથી ભારત જ્યારે આઝાદ થાય ત્યારે તેને ત્યાં લઈ જઈ શકાય.





## શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક

ભારત બસો વર્ષ ઉપરાંત અંગ્રેજોની ગુલામીની ધૂંસરીથી જકડાયેલું હતું. અંગ્રેજો, ભારતના લોકોને ક્રૂરતા પૂર્વક કચડી નાખ્યો, ભારતની સમગ્ર આર્થિક સમૃદ્ધિ ઇંગ્લેન્ડ તરફ ઢસડી ગયા હતા. આ ગુલામીમાંથી ભારતને મુક્ત કરાવવા ઘણા ક્રાંતિકારી વીરો આગળ આવ્યા. શ્યામજી કૃષ્ણ વર્માએ અંગ્રેજોને તેમનીજ ભૂમિ ઉપર લડત આપવાનું નક્કી કર્યું અને લંડનમાં તેનું કેન્દ્ર સ્થાપ્યું.

ગુલામીમાંથી મુક્ત કરવાના ભગીરથ કાર્યમાં શ્યામજી એકલા ન હતાં, તેમની સાથે બીજા ઘણાં મહાન પ્રભાવશાળી રાષ્ટ્રવાદી ક્રાંતિકારો જોડાયા જેઓ ભારતની મુક્તિ માટે કટિબદ્ધ હતા અને જેમણે પોતાના જાન ન્યોછાવર કર્યા.

સ્મારકની રચનાનો મૂળ હેતુ શ્યામજી કૃષ્ણ વર્માના જીવન અને આઝાદી માટે તેમણે કરેલ કાર્યો પર પ્રકાશ પાડી તેમને યથોચિત શ્રદ્ધાંજલી આપવાનો છે. સાથે સાથે ભારતની મુક્તિ કાજે જેમણે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું હતું તેવા વીરલાઓનો નવી પેઢીને પરિચય કરાવવાનો પણ છે.



## વીરાંજલી રથયાત્રા

શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિ તા. ૨૨ ઓગસ્ટ-૨૦૦૩ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જિનિવામાં સ્વીકારી તેમની અંતિમ ઇચ્છા પરિપૂર્ણ કરી. અસ્થિ કુંભ મુંબઈ લાવવામાં આવ્યાં અને ત્યારબાદ તેની "વીરાંજલી યાત્રા"નું આયોજન થયું.

૨૫મી ઓગસ્ટ-૨૦૦૩થી ૪ સપ્ટેમ્બર-૨૦૦૩ દરમ્યાન 'અસ્થિકુંભ'ની ૨૦૨૮ કી.મી. જેટલી યાત્રા ગુજરાત રાજ્યમાં કરવામાં આવી. ૧૭ જીલ્લાઓમાં ૬૬ જેટલા સ્થળોએ લોકોએ સજળનેત્રે ક્રાંતિવીરને ભાવભીની શ્રદ્ધાંજલી આપી.

'વીરાંજલી યાત્રા'માં સ્ત્રીઓ અને બાળકો સહિત હજારો લોકો જોડાયા અને શ્યામજી કૃષ્ણ વર્મા તથા તેમના પત્નિ ભાનુમતીના અસ્થિકુંભને 'ભારત માતાકી જય' અને 'વંદે માતરમ'ના સૂત્રોચ્ચારથી વધાવ્યા જેણે દેશભક્તિની એક અદ્ભુત લહેર રાજ્યભરમાં પ્રસરાવી દીધી હતી.



## શ્યામજી કૃષ્ણ વર્મા સ્મૃતિકક્ષ

સ્મારકના સ્મૃતિકક્ષમાં શ્યામજી કૃષ્ણ વર્મા તથા તેમના પત્ની ભાનુમતી કૃષ્ણવર્માના અસ્થિકુંભ રાખવામાં આવ્યા છે. ભારતના પ્રખર ક્રાંતિવાદી નેતા શ્યામજી અને અંત સુધી તેમને અડીખમ સાથ આપનાર તેમના પત્નીને આ દીર્ઘ અંજલી અર્પે છે.

જે જે શૈક્ષણિક સંસ્થાઓમાં શ્યામજીએ અભ્યાસ કર્યો હતો અને જીવનકાળ દરમ્યાન તેઓએ જે જે જગ્યાઓએ નિવાસ કર્યો હતો તેના ચિત્રો અહીં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. 'ઇન્ડિયન સોશિયોલોજીસ્ટ' સામયિક માંથી કેટલાક ચિત્રો પણ અહીં પ્રદર્શિત કરવામાં આવેલ છે. આ સામયિક શ્યામજીની સ્વાતંત્ર્યની લડત અને રાજકીય સુધારાવાદ માટેનું સાધન હતું. 'ઇન્ડિયન સોશિયોલોજીસ્ટ' અંગ્રેજ શાસનના વિરુદ્ધ એક ક્રાંતિકારી હથિયાર સાબિત થયું હતું, જેથી અંગ્રેજ સરકારે તેના વિતરણ ઉપર મનાઈ ભારતમાં ફરમાવી હતી.



## દયાનંદ સરસ્વતી ચોક

ભારતના ઇતિહાસમાં સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે પ્રખર સુધારક તરીકે સ્વામી દયાનંદ સરસ્વતીનું નામ સુવર્ણાક્ષરે લખાયેલું છે. તેઓ 'આર્ય સમાજ'ના સ્થાપક હતા. હિન્દુ સમાજમાં જ્યારે જાતિવાદનું અનિષ્ટ ચારે કોર ફેલાયેલું હતું ત્યારે તેમણે વેદ-સાહિત્યનો બહોળો પ્રચાર કરી પ્રજાને તેની સાચી સમજ આપી. દયાનંદ સરસ્વતી પૂરા દેશની યાત્રાએ નીકળ્યા. સ્થળે સ્થળે એમણે આગ ઝરતાં પ્રવચનો કર્યાં. જ્ઞાતિપ્રથા, મૂર્તિપૂજા અને બાળ લગ્ન પ્રથાનો પ્રચંડ વિરોધ કર્યો. ભારતના આધ્યાત્મિક પુરુષો - સંતોમાં દયાનંદજી પહેલા નેતા હતા જેમણે વિજ્ઞાન અને ટેક્નોલોજીને આવકાર આપ્યો હતો. તેઓ માનતા હતા કે વેદ-સાહિત્યમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક વિચારસરણીના બીજનો સમાવેશ હતો ઉપરાંત વાસ્તવદર્શી ક્રિયાશુદ્ધિનો પણ અભિગમ હતો.

વેદોનો સરળ ભાષામાં અર્થ સમજાવી તેનો પ્રચાર કરવાની જવાબદારી સ્વામી દયાનંદ સરસ્વતીએ લીધેલ હતી. સ્વામીજીએ તેમના જીવનકાળ દરમિયાન 'ઋગ્વેદ' અને 'યજુર્વેદ' સમજાવવાની કામગીરી પૂર્ણ કરી હતી. ત્યારબાદ તેનું સંપાદન અને છપાઈનું કામ કરવામાં આવ્યું હતું. જેનો 'વેદભાષ્ય' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ હતો. સંપાદનની કામગીરી શ્યામજી કૃષ્ણ વર્મા હસ્ત પર લે તે માટે દયાનંદ સરસ્વતી આતુર હતા. આ બાબતે સ્વામીજીએ ઓક્ટોબર ૧૮૭૮ અને માર્ચ ૧૮૮૦ દરમિયાન શ્યામજી કૃષ્ણ વર્માને વિવિધ પત્રો લખ્યા હતા.

દયાનંદ સરસ્વતી ચોકમાં આ પત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા છે અને સ્વામી દયાનંદ સરસ્વતીના જન્મ સ્થળ ટંકારાના દ્રશ્યો પણ પ્રદર્શિત કરવામાં આવેલ છે.



## ઇન્ડિયા હાઉસમાં ૧૮૫૭ના ક્રાંતિવીરો, ઇન્ડિયા હાઉસના સાથીદારો અને આધુનિક ભારતના ઘડવૈયાઓની ગેલેરી

ઉત્તર લંડનમાં ૬૫, ક્રોમવેલ એવન્યુ - હાઇગેટ વિસ્તારમાં આવેલા 'ઇન્ડિયા હાઉસ'માં ભારતથી આવેલા વિદ્યાર્થીઓને રહેવાની સગવડ આપવામાં આવતી હતી. આ મકાનમાં ૩૦ વિદ્યાર્થીઓ રહી શકે તેમ હતા. આ પહેલાં આ મકાનમાં 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી' નામે સંસ્થાની ઓફિસ હતી. આ સંસ્થાની સ્થાપના ૧૯૦૫માં શ્યામજી કૃષ્ણ વર્માએ કરી હતી. તેમની સાથે મેડમ કામા, સરદારસિંહ રાણા અને લાલા લજપતરાય જેવા બીજા દેશભક્તો પણ જોડાયેલા હતા અને જેનો મુખ્ય ઉદ્દેશ બ્રિટીશ કમિટિ ઓફ કોંગ્રેસનો પ્રતિકાર કરવાનો હતો.

શ્યામજી કૃષ્ણ વર્માની છત્રછાયા હેઠળ સ્થપાયેલું આ 'ઇન્ડિયા હાઉસ', થોડા જ સમયમાં રાજકીય ગતિવિધિઓનું તેમજ રાષ્ટ્રવાદી દેશભક્તો માટેનું એક મિલનસ્થાન બની ગયું. ભારત બહાર કાર્ય કરી રહેલા ભારતના ક્રાંતિકારીઓ માટે 'ઇન્ડિયા હાઉસ' સૌથી મહત્વનું કેન્દ્ર બની રહ્યું. મો.ક. ગાંધી, લેનીન, બાળગંગાધર ટિળક, ગોપાલકૃષ્ણ ગોખલે વગેરે અનેક નેતાઓએ 'ઇન્ડિયા હાઉસ'ની મુલાકાત લઈને ભારતના સ્વાતંત્ર્ય માટે ચર્ચા-વિચારણા કરી હતી.

અહીંથી 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' નામે બ્રિટીશ શાસનની વિરૂદ્ધ એક સામયિક પ્રગટ થવા લાગ્યું. આ સામયિકને દેશદ્રોહી ગણીને તેના ફેલાવા પર ભારતમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

ભારતની સ્વતંત્રતા માટે ઝઝૂમનારા અનેક ક્રાંતિકારીઓ તેમજ દેશભક્તો 'ઇન્ડિયા હાઉસ' સાથે જોડાયેલા હતા. તેમાં વિનાયક દામોદર સાવરકર, વી.એન. ચેટરજી, લાલા હરદયાળ, વી.વી.એસ. ઐયર, એમ.પી.ટી. આચાર્ય અને સેનાપતિ બાપટ જેવા રાષ્ટ્રભક્તો પણ હતા. ભારતમાં ઘડાઈ રહેલી અનેક ક્રાંતિ ચળવળો સાથે સંકળાયેલા હતા. ભારતમાં થતી રહેલ ક્રાંતિકારી ચળવળના આ સૂત્રધારો આગળ જતાં હિન્દુ રાષ્ટ્રવાદી સંગઠનોના સ્થાપક બન્યા.

## ઈન્ડિયા હાઉસ ગેલેરી

શ્યામજી કૃષ્ણ વર્મા દ્વારા સ્થાપિત 'ઈન્ડિયા હાઉસ' રાજકીય પ્રવૃત્તિઓ અને ઉદ્દામવાદી ભારતીય રાષ્ટ્રવાદીઓ માટે મળવાનું કેન્દ્ર હતું. ભારત બહાર 'ઈન્ડિયા હાઉસ' રાષ્ટ્રવાદી ભારતીય ક્રાંતિકારીઓ માટેનું અગત્યનું આગળ પડતું કેન્દ્ર હતું.

## રાષ્ટ્રવાદીઓની ગેલેરી

અંગ્રેજોની શોષણ અને જુલમોની નીતિમાંથી ભારતમાતાને મુક્ત કરવા માટે ભારતના ઘણા મહાન નેતાઓએ તેઓનું જીવનનું બલિદાન આપેલું. આ દેશભક્તોના લખાણો અને કાર્યો આજે પણ લાખો ભારતીયોને પ્રેરણા આપતા રહે છે.

## ૧૮૫૭ની ગેલેરી

અંગ્રેજોએ જેને 'બળવો' અથવા 'સિપાઈ બળવો' તરીકે નામ આપ્યું હતું તે ખરેખર તો ૧૮૫૭નો ભારતીય સ્વતંત્રતાનો પ્રથમ સંગ્રામ હતો. સ્વતંત્રતા માટેના આ પ્રથમ સંગ્રામનો પ્રચાર કરનાર શ્યામજી કૃષ્ણ વર્મા પ્રથમ રાષ્ટ્રવાદી ભારતીય હતા અને ૧૮૫૭ની ૫૦મી વર્ષગાંઠ લંડનમાં ઉજવવામાં આવી હતી.

## ક્રાંતિકારીઓની ગેલેરી

જે ક્રાંતિકારીઓ અંગ્રેજ સત્તા સામે અવાજ ઉઠાવતા તેઓને નિર્દય રીતે દબાવી દેવા માટે અંગ્રેજોએ જુદી જુદી અમાનવીય રીતરસમોનો ઉપયોગ કરેલ હતો. પરંતુ અંગ્રેજો ક્રાંતિકારીઓના જુસ્સાને કચડી શક્યા ન હતા, જેમાંના કેટલાક ગુજરાતીઓ હતા.

શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરીયલ સોસાયટીની નોંધણી 'મંડળી અધિનીયમ ૧૮૬૦' હેઠળ તા.૮-૩-૦૬ ના રોજ ભુજ ખાતે કરવામાં આવી હતી. કલેક્ટર ભુજ તરફથી માંડવી તાલુકાના મસ્કા-ગુંદિયાળી ખાતે ૮૯.૮૬ એકર જમીન ફાળવવામાં આવી. આ સ્થાને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે તા. ૪-૧૦-૨૦૦૮ના રોજ શિલાન્યાસ વિધિ સંપન્ન થઈ હતી. માત્ર ૧૪ મહિનાના ટૂંકા ગાળામાં ૫૬,૩૧૮ ચો. વર્ગ ફુટ (૫,૨૧૪ ચો. વર્ગ મીટર)નું બાંધકામ પુરુ કરવામાં આવ્યુ છે. જેના લોકાર્પણ વિધિ તા.૧૩-૧૨-૨૦૧૦ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે કરવામાં આવેલી છે.

સ્મારક પ્રાંગણમાં લંડન ખાતેના ઈન્ડિયા હાઉસની પ્રતિકૃતી ઉભી કરવામાં આવેલ છે.
સ્મારકના બીજા મુખ્ય આકર્ષક વિભાગો

- સ્વાગત કક્ષ
- ગ્રંથાલય
- ઓડીઓ વિઝ્યુઅલ રૂમ
- કોન્ફી થિયેટર
- ચીલ્ડ્રન પ્લે એરીયા
- સિનીયર સિટીઝન કોર્નર
- દુકાનો
- કાફેટેરીયા

સ્મારકના બધાજ વિસ્તારોમાં વિકલાંગો ફરી શકે તેવી સુવિધા છે



૧. આગમન ચોક ૨. પર્ગોલા પથ ૩. સ્વાગત કક્ષ ૪. એમ્ફી થિયેટર ૫. દુકાનો ૬. કાફેટેરીયા ૭. ચીલ્ડ્રન પ્લે એરીયા ૮. ઇન્ડિયા હાઉસ ૯. સિનીયર સિટીઝન કોર્નર ૧૦. ધીરાંજલી ગેલેરી ૧૧. સેન્ટ્રલ પ્લાઝા

SHREE SHYMJI KRISHNA VARMA
MEMORIAL - 'KRANTI TEERTH'
Salaya-Maska Road, Post:Maska,
Tal.Mandvi-370465 Kachchh(Guj)
Phone No. (02834) 295195



જિનિવા સરકારના પ્રતિનિધિ પાસેથી ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિ સ્વીકારતા
માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી

સ્વર્ણિમ ગુજરાત
૧૯૬૦-૨૦૧૦